©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVI] FRIDAY, 27th JUNE, 2025/JYAISTHA 06, 1947 [No. 3382**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

**અધિસુચના**

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬**

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯**

**(જુઓ નિયમ ૨૬ (૯))**

**નગર રચના યોજના નં. ૧૧૭ (વસત્રાલ)**

**પ્રારંભિક યોજના**

પત્ર ક્રમાંક : નરયો/નં. ૧૧૭ (વસ્ત્રાલ)/પ્રા.યો./૧૪૦૭/૨૦૨૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ(૧) ની જોગવાઈઓ અનુસાર, તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) મુજબ નગર રચના અધિકારી તરીકે નગર રચના યોજના નં. ૧૧૭ (વસ્ત્રાલ) ની પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો તા. ૨૦-૦૬-૨૦૨૫ ના શુક્રવારના રોજ જાહેર કર્યા છે.

સદરહુ કાયદાની કલમ-૫૨ ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજુરી માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૯) ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમૂનો-''ઠ'' ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકોને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યકિતઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત પ્રારંભિક યોજનાની સંપુર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહુ યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**તા. ૨૦-૦૬-૨૦૨૫**
**સ્થળ : અમદાવાદ**

**સહિ/- આવાચ્ય**
નગર રચના અધિકારી
પ્રવર નગર નિયોજક
અમદાવાદ નગર રચના યોજના
એકમ-૩, અમદાવાદ.

**કચેરીનું સરનામુ :**
પ્રવર નગર નિયોજકની કચેરી,
અમદાવાદ નગર રચના યોજના એકમ-૩, અમદાવાદ
ત્રીજો-ચોથો માળ, શ્યામજી કૃષ્ણવર્મા રમત ગમત, સાંસ્કૃતિક અને વાણીજ્ય ભવન,
ન્યુ ક્લોથ માર્કેટની સામે, રાયપુર, અમદાવાદ-૩૮૦૦૦૨.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.06.30 14:56:52 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot